Regd. No. MH/MR/South-114/2012-14
મુંબઈ, બુધવાર, તા. ૩૦-૧-૨૦૧૩

# મુંબઈ સમાચાર ઈન્ટરવલ

## દિલ સે

નરેશ શાહ naresh.shah@bombaysamachar.com

# માણસ મોટો થતો જાય તેમ તેના સંબંધો લાંબા થતાં હોય છે!

માણસને તેના સંબંધો જ જીવતો કે ધબકતો રાખતાં હોય છે અને મારા કિસ્સામાં તો એ જ સાચું છે. મને હજુ ખંભાળીયાના મારા જૂના સંબંધોનું ઘેલું છે. તુલસી ભાયાણી,નટુભાઈ, અતુલ રાછાણી, મૂકેશ મજીઠીયા,ચંદુ વાયા...એ જૂના લોકો, જૂના સંબંધો અને જૂના માહોલમાં જવાની મને હંમેશ તાલાવેલી રહે છે. માણસ ગમે તેટલો મોટો થાય, તેના સંબંધો લાંબા થતાં હોય છે અને થવા પણ જોઈએ...



કારણકે એ સંબંધોમાં સ્વાર્થ નથી હોતો. આપણે સામાન્ય હોઈએ ત્યારે થયેલાં સંબંધો જ નિસ્વાર્થ હોય છે. એ લોકોને તમારી પાસેથી અપેક્ષા નથી હોતી. એવા કેટલાય મિત્રો છે કે જેણે મને હજુ સુધી કામ કે કોન્ટ્રાકટ અપાવવાની વાત પણ નથી કરી. અરે, રિફાઈનરી જોવાની માંગણી પણ મૂકી નથી. એમને ત્યાં પ્રસંગ હોય અને આપણે હાજરી આપીએ તો પણ ખુશ ખુશ થઈ જાય... માણસ મોટો થઈ જાય પછી તેની સાથે અપેક્ષાથી સંબંધો રખાતાં હોય છે. હું એમાં કશું ખોટું માનતો નથી. કહેવાતાં હિપોક્રેટ સંબંધો પણ બનતાં હોય છે પણ... તમારી સાથેના જ સંબધની વાત કરીએ તો એ લગભગ ૧૯૯૨થી છે પણ મને યાદ નથી કે તમે મને હજુ સુધી કોઈ કામ કહ્યું હોય. હા, મેં કયાંક તમારી ઓળખનો લાભ લીધો છે અને તમે ઉપયોગી પણ થયા છો...હા,વાત નથી થઈ શકતી તેનો તમારી જેમ મને પણ રંજ રહે છે પણ એટલે કંઈ વીસ વરસ જૂના આપણા સંબંધમાં કોઈ ખટાશ નથી આવી. હું આવા સંબંધોને સલામ કરું છું અને માનું છું કે સંબંધોમાં તો ઓલ્ડ ઈઝ ગોલ્ડ!

**MORAL of the story**

નિર્દોષ સંબંધો મોટી વિરાસત જેવા હોય છે!




**પરિમલ નથવાણી**
શહેર:અમદાવાદ
સંબંધો બાંધવામાં બાદશાહ અને જાળવવામાં શહેનશાહ.સંબંધોમાં ઘસારો ય ખમી લે.અકલ્પનીય સફળતા પછી પણ નમ્ર,પ્રેમાળ અને લાગણીશીલ.દ્વારકાધીશભક્ત!

**નરેશ શાહ** સાથે કરેલી આત્મીય વાતચીતમાંથી







To : Respected **Shri PN Sir**, with best wishes on auspicious occasion of your **Birthday** on 1st Feb 2013 :
S/Sh NRB / KD / MD / KN